# સ્વચ્છતા પખવાડીયુ

ગુજરાત રાજ્ય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૧ લી એપ્રિલ થી ૧૫મી એપ્રિલ સુધી ગુજરાત રાજ્યની બધી જ આરોગ્ય સુવિધાઓમાં સ્વચ્છતા પખવાડિયું ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે. સ્વચ્છતા એ આરોગ્ય પ્રદાનની સેવાઓની મૂળભૂત જરૂરિયાતો પૈકીની સૌથી અગત્યની જરૂરિયાત છે એમાં કોઈ બે મત નથી. આ પ્રસંગે આપણે સૌ એ આપણી આરોગ્ય સુવિધાઓ અને તેની આજુબાજુ માં સ્વચ્છતા અભિયાન કરવાનું આયોજન કરવાનું સૂચવવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વર્ગ ૧ થી વર્ગ ૪ ના બધા જ કર્મચારીઓએ સામેલ થવાનું છે.

સ્વચ્છતા પખવાડિયાના ભાગ રૂપે ગવર્નમેન્ટ સ્પાઇન ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદ દ્વારા નીચે મુજબના કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે:

૧ લી એપ્રિલ:

- સ્વચ્છતા પખવાડિયાનું વિધિવત ઉદઘાટન અને સ્વચ્છતા અંગેની પ્રતિજ્ઞા લેવી.

૨ – ૧૫ એપ્રિલ:

- હોસ્પીટલમાં સ્વચ્છતા અંગેની જાગૃતિને લગતી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું જેમ કે રેલી, મેરેથોન, સ્વચ્છતા વોક, માનવ સાંકળ બનાવવી વગેરે.
- સાંસ્કૃતિક કાર્યક્રમો, હરીફાઈઓ, નિબંધ સ્પર્ધા, ગીત/સુત્રો લખવા, ચિત્રો દોરવા
- આરોગ્ય અને સ્વચ્છતા અંગે તાલીમ ગોઠવવી જેમ કે બાયો મેડીકલ વેસ્ટનું વિભાજન

૬-૧૫ એપ્રિલ:

- જંક સામગ્રી, જુના રેકોર્ડ અન્ય કંડમ કરવાની વસ્તુઓનો નિકાલ કરવો.
- હોસ્પિટલ/ વોર્ડમાંથી જુના પોસ્ટરો, કેલેન્ડર, નોટીસો દુર કરવી.
- હોસ્પિટલ/વોર્ડની સઘન સાફ સફાઈ હાથ ધરવી.
- હોસ્પિટલ/વોર્ડમાં ફાઈલો/દસ્તાવેજો પધ્ધતિસર ગોઠવવા.
- જરૂરિયાત વાળી બધી જ જગ્યાએ ડસ્ટબિન ગોઠવવા.
- કર્મચારીઓ દ્વારા શ્રમ દાન થકી આ કાર્યક્રમમાં યોગદાન આપવું.
- બગીચા, ખુલ્લી જગ્યાઓની મરામત કરવી.
- કર્મચારીઓને રસીકરણ કરાવવું.
- શ્રેષ્ઠ ઓફીસ/ કાર્ય સ્થળની હરીફાઈ યોજવી.
- ઉપરોક્ત પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ કરવું.